શિક્ષકો માટે મનોમંથન કરવા જેવા સુવિચારો

# શિક્ષક મહિમા


સંકલન:

રસિકભાઈ ડી. અમીન

શ્રી મોટા આસરાણા કેન્દ્રવર્તી શાળા

તા. મહુવા, જિ. ભાવનગર

મો. ૯૮૨૪૫ ૮૭૯૪૧

ઈમેઈલ :- rasikbhai.80@gmail.com

શિક્ષક મહિમા :સુવિચાર સંગ્રહ

પ્રથમ આવૃત્તિ :જાન્યુઆરી-૨૦૧૩,પ્રત-૨૦૦૦
બીજી આવૃત્તિ : ઓગષ્ટ-૨૦૧૩, પ્રત-૫૦૦૦

© જે તે ચિંતક અને શિક્ષણવિદોના

કિંમત :પ્રેમ

પ્રકાશક :હિનાબેન આર. સુતરિયા
શ્રી મોટા આસરાણા કેન્દ્રવર્તી શાળા
તા-મહુવા, જી.ભાવનગર.
:મો.૯૮૨૪૫ ૮૭૯૪૧
E-meil :-rasikbhai.80@gmail.com

મુદ્રક : શુભ ઓફસેટ - રાજકોટ.

# અર્પણ
## પૂજ્ય પિતાશ્રીને



## સ્વ. રજનીકાન્ત જેઠાભાઈ સુતરિયા

આપના સ્નેહભર્યા સંસ્મરણો સદૈવ યાદ રહેશે.

હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો
પેદા કરું છું જેમાં વિદ્યાર્થી શીખે છે.

શિક્ષક જીવનભર અભ્યાસી હોવો જોઈએ.

શિક્ષક શીલવાન, પ્રજ્ઞાવાન અને
કરુણાવાન હોવો જોઈએ.

શિક્ષક વાણી દ્વારા શીખવતો નથી એ
આચાર દ્વારા શીખવે છે.

સાચો શિક્ષક વાણી, વર્તન અને
વિચારથી શુદ્ધ હોવો જોઈએ.

સાચો શિક્ષક સાચો સર્જક છે,

સાચો શિક્ષક સાચો સંત છે.

સમાજરૂપી દરિયા કિનારે રહેલ દીવાદાંડી એટલે શિક્ષક, જે રસ્તો ભૂલેલાને રાહ બતાવે છે.

શિક્ષક આદર્શવાદી, અમનવાદી અને માનવતાવાદી હોવો જોઈએ.

શિક્ષકનો દરેક શબ્દ સાંભળનાર માટે પ્રેરણામંત્ર બનવો જોઈએ.

બાળક એક જયોત છે, જેને શિક્ષકે પેટાવવાની છે.

સાચી કેળવણી તો બાળકોની અંદર રહેલું હીર
પ્રગટાવવામાં રહેલી છે.

શિક્ષક એ કુંભાર છે, જેણે કાળજીપૂર્વક
બાળકનો ઘાટ ઘડવાનો છે.

બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.

ભુલકાઓના ભાવથી ભીંજાવાનું
સદ્ભાગ્ય માત્રને માત્ર સહૃદય
શિક્ષકોના ભાગ્યમાં જ હોય છે.

રંગ વિના કૃતિને મઠારીને તેનું સૌંદર્ય સોળે કળાએ
ઉપસાવવાની આવડત ધરાવે તે શિક્ષક.

ઘુઘવાતા સાગરના મોજા સામે બાથ ભીડીને
કિનારો હાંસલ કરવાની ક્ષમતા હોય તે શિક્ષક.

વિવિધ રૂપોમાં એકરૂપ બની જવાની
ક્ષમતા ધરાવે તે શિક્ષક

'ગુ' એટલે અંધકાર અને 'રૂ'એટલે પ્રકાશ
અંધકારમાં પ્રકાશ કરે તે ગુરૂ-શિક્ષક

શ્રેષ્ઠમાંથી શ્રેષ્ઠ શિક્ષક અનુભવ છે.

સરેરાશ શિક્ષક માત્ર જણાવે છે, સારો શિક્ષક
સમજાવે છે, ઉચ્ચ કક્ષાનો શિક્ષક છણાવટ
પણ કરે છે, પણ શ્રેષ્ઠ શિક્ષક પ્રેરિત કરે છે.

બાળકને રાહ બતાવે તેનું નામ શિક્ષક પણ
બાળકની રાહ જુએ તેનું નામ મા.

પ્રત્યેક પળે ખિલતો વિકસતો રહે તે શિક્ષક છે.

ડોકટરની ભૂલો કબરમાં દટાઈ જાય છે,
વકીલની ભૂલો ફાઇલમાં લપેટાઈ જાય છે,
એન્જિનિયરની ભૂલો ઈમારતમાં ચણાઈ જાય છે,
પણ શિક્ષકની ભૂલો સમાજમાં છવાઈ જાય છે.

મેં અરીસા સામે જોયું, મારૂં પ્રતિબિંબ ધૂંધળું
જણાતા મેં અરીસો લુછયો, છતાં
પ્રતિબિંબ તો ધૂંધળું જ, મેં મારા ચહેરાને લૂછયો,
તે પછી પણ પ્રતિબિંબ તો ધૂંધળું જ,
હું અકળાયો ઓહ હવે શું લૂછવું ? ત્યારે મારી
ભીતર રહેલ આત્માએ પ્રશ્નનો ઉત્તર આપ્યો...
તું કયારેય કર્મયોગી બન્યો છે?

જીવન સંગ્રામ માટે જે સજજ ન કરી શકે, જે
ચારિત્ર્યનું બળ ન લાવી આપે જે
ઉદારતાનો મિજાજ કે સિંહનું સાહસ ન ખીલવી શકે
તે શિક્ષક કહેવાય?

અસ્ત થયા વિના સદાયે પ્રકાશતો સૂરજ એટલે
શિક્ષક.

શિક્ષકની નિવૃત્તિ એટલે એક
ફિલોસોફીની નિવૃત્તિ.

કોઈકને શીખવવું એટલે પોતે બબ્બે વખત ભણવું.

શિક્ષક રાષ્ટ્રનો સાચો ઘડવૈયો છે.

શિક્ષક ચોવીસ કલાકની ઉપાસના છે, લગની છે.

શિક્ષક એ સંવેદનાની યુનિવર્સિટી છે.

શિક્ષક પર જ સાચી સંસ્કૃતિનો આધાર છે.

શિક્ષક એ સંસ્કારનું સર્જન કરે છે.

પ્રભાવિત કરે તે નહીં પણ પ્રકાશિત કરે તે શિક્ષક.

નબળો શિક્ષક સતત બોલ્યા કરે છે,
સારો શિક્ષક માત્ર ભણાવ્યા કરે છે,
ઉત્તમ શિક્ષક પ્રેરણા આપ્યા કરે છે.

શિલ્પી પથ્થર કે માટીમાંથી નવી પ્રતિમા
ઉત્પન્ન કરતો નથી, એ તો એમાં છુપાયેલું છે
તેને પ્રગટ કરે છે. શિક્ષકે પણ બાળકમાં
છુપાયેલું પ્રગટ કરવાનું છે.

સુધરે અને સુધારે તેનું નામ શિક્ષક.

શિક્ષકે તો "DUTY" બજાવતા બજાવતા
તેનામાં રહેલ આંતરિક "BEAUTY"
ને વધારવાનું કામ કરવાનું છે.

એકવાર ગુમાવેલ સમય શિક્ષક કે વિદ્યાર્થીનાં
જીવનમાં પાછો ફરતો નથી.

રસ્તામાં બેવડા વળી ગયેલા વૃક્ષને જોઈ બાળક
બોલ્યું તે કેમ આજે અંગુઠા
પકડ્યા છે ? તે પણ આજે લેસન નહોતું કર્યું?

સાચો શિક્ષક કમાન્ડર નહીં કોચ હોય છે.

શિક્ષક અને વિદ્યાર્થીને જોડતી કડી તે વિદ્યા.

નિષ્ઠા, સજ્જતા અને શુદ્ધ શિશુપ્રેમ આ ત્રણેય ગુણો સાચા શિક્ષકમાં અનિવાર્ય છે.

❋

બાળકમાં રહેલી ઉત્તમ શકિતઓ બહાર લાવી અને વિકસાવવાનું કામ શિક્ષકનું છે.

❋

તમે જયારે ઉદાસ હો, ત્યારે તમારો ગમગીન ચહેરો લઈને વર્ગમાં જશો નહીં, તે દિવસે ભલે રજા મુકવી પડે,જો તમારો ગમગીન ચહેરો બાળકો જોઈ લેશે તો તેમના હૃદયમાં શું થશેં ?

❋

શિક્ષક કયારેય નિવૃત્ત થતો નથી તેનામાંથી શિક્ષકત્વ કયારેય દૂર ન થવું જોઈએ તે સદાય પ્રવૃત્ત રહેવો જોઈએ.

જીવનમાં લપસણા પ્રવાહો વચ્ચે જે સ્થિર રહી શકે
તે શિક્ષક.

શિક્ષકના ભયથી બાળકો તાબામાં રહે છે પણ
શિક્ષકના પ્રેમથી બાળકો વશ થઈ જાય છે.

વાણીથી નહીં વર્તનથી શીખવે તે શિક્ષક.

શિક્ષક જો ભ્રષ્ટ હશે તો જગત આખું ભ્રષ્ટ થશે.

ખેડૂત કણ ઉગાડે છે અને આચાર્ય ક્ષણ ઉગાડે છે.

શિક્ષકે શિક્ષણને ધર્મ સમજવો જોઈએ ધંધો નહીં.

શીલવાન સાધુ હોય, પ્રજ્ઞાવાન જ્ઞાની હોય,
કરુણાવાન મા હોય, પરંતુ શિક્ષક તો સાધુ,
જ્ઞાની અને મા ત્રણેય હોય છે.

શિક્ષકના ત્રણ કાર્ય હોય છે. પ્રભાવિત કરવાનું,
પ્રકાશિત કરવાનું, અને વિદ્યાર્થીઓને ખિલવવાનું
અને સમાજ રૂપી શિવને સમર્પિત કરવાનું.

જે અંધકારમાંથી પ્રકાશ તરફ એટલે અજ્ઞાતથી
આશ્ચર્ય સુધીની યાત્રા કરાવે તે શિક્ષક.

શિક્ષકને ઉંમરથી શારીરિક વૃદ્ધત્વ આવે પરંતુ
માનસિક વૃદ્ધત્વ ક્યારેય ન આવવું જોઈએ.

શિક્ષકનું સાધન સોટી નહીં, સ્નેહ છે.

શિક્ષકે સરવાળો સત્કર્મનો, બાદબાકી બૂરાઈની,
ગુણાકાર ગુણનો અને ભાગાકાર ભૂલનો
શીખવવાનો છે.

શિક્ષકે એવું શિક્ષણ આપવાનું છે જેમાં
પ્રામાણિકતા, પ્રકાશ, પ્રેરણા,પ્રગતિ અને પરિણામ
હોય.

શિક્ષકો શિક્ષણને ઉર્દ્ધ્વગામી બનાવશે તો જ
શિક્ષક અને શિક્ષણ બન્નેનો મહિમા ટકી શકશે.

શિક્ષકની નિષ્ઠા એ જ શાળાની પ્રતિષ્ઠા.

શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર
નિર્માણ ઉનકી ગોદમે પલતે હૈં.

ક્ષણ ક્ષણ વાવે તે શિક્ષક.

શિક્ષક સાહિત્ય રસિક,સાંસ્કૃતિક અને
આધ્યાત્મિક હોવો જોઈએ.

ગુરૂનું ચરણ એ શિષ્યનું શરણ છે.

શિક્ષકનું જીવન તો અનેક દીપકોને પ્રગટાવવાનું છે.

શિક્ષક સેવાનો વ્રતધારી હોવો જોઇએ, તે કર્મચારી નહીં, કર્મયોગી હોવો જોઇએ.

વર્ગખંડોમાં હું જે શૈક્ષણિક કાર્ય કરું છું તે નોબેલ પારિતોષિકથી લેશમાત્ર ઓછા મહત્ત્વનું નથી.

શિક્ષક તો મીણબત્તી જેવો હોય છે જે પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે.

જ્ઞાનરૂપી પાક વહેંચવા હું એક શિક્ષક જ બનવાનું પસંદ કરીશ.

શિક્ષક :-શિ=શિક્ષા,ક્ષ=ક્ષમા, ક=કર્તવ્ય.

સૂર્ય કશું ન કરતા કેવલ આકાશમાં આવીને ઉભો રહે તો સૃષ્ટિ ચેતનવંતી બની જાય છે. શિક્ષક પણ સૂર્ય જેવો હોવો જોઈએ.

શિક્ષકની તમન્ના તો તેનો વિદ્યાર્થી ઉન્નત આસને બેઠેલો જોવાની જ હોવી જોઈએ.

વિદ્યાર્થીના મુલાયમ મન પર શિક્ષકના ચારિત્ર્યની ઊંડી છાપ પ્રતિબિંબિત થાય છે.

પથ્થરને ઘડે તે શિલ્પી અને જીવનને ઘડે તે શિક્ષક.

જ્ઞાન આપવાથી જ શિક્ષક નથી બનાતું ખરો
શિક્ષક એ છે જે જ્ઞાન માટેની તરસ જગાડે.

શિક્ષક કદાચ આધ્યાત્મિક ગુરુ ન હોઈ શકે
પરંતુ વિદ્યાગુરુ તો હંમેશાં એ જ કહેવાશે.

શિસ્ત,ક્ષમા અને કલાનો ત્રિવેણી સંગમ એટલે
શિક્ષક

સરસ્વતીનો ઉપાસક ભોગનો ગુલામ ન હોવો
જોઈએ.

શિક્ષકનો પહેલો ધર્મ એનું સત્યનિષ્ઠપણું છે.

શિક્ષકથી બાળક ડરવું ન જોઈએ,
જે તમારી હાજરીમાં ડરે છે
તે તમારી ગેરહાજરીમાં ધિક્કારે છે.

જો સ્વર્ગમાં જવાની ઇચ્છા હોય તો
પહેલાં બાળક જેવા બનો.

જે શીખવવાની હિંમત કરે છે તેણે
ક્યારેય શીખતા અટકવું ન જોઈએ.

શિક્ષક માટે તો "EYE" ની નજર "SKY"
તરફ જ હોવી જોઈએ.

સાચો શિક્ષક મેનેજર નહીં, માર્ગદર્શક હોય છે.

શિક્ષકનું કામ સંભળાવવાનું જ નથી
સાંભળવાનું પણ છે.

શિક્ષકે હંમેશા નિયમ નહીં પણ
નિષ્ઠા બતાવવી જોઈએ.

શિક્ષકે બાળકોને વસ્તુથી નહી
વહાલથી જીતવા જોઈએ.

શિક્ષકના જન્મથી છેલ્લા શ્વાસ સુધી
તે શિક્ષક જ રહેવો જોઈએ.

જેનું શિક્ષણ કેળવણીમાં પરિણમે
તેનું નામ શિક્ષક.

શિક્ષક એટલે હરતી ફરતી લાઈબ્રેરી.

ચંદન શીતળ છે,ચંદન કરતાં ચંદ્રની ચાંદની વધારે શીતળતા આપે છે, ચંદન અને ચંદ્રની ચાંદની કરતાં પણ શિક્ષકની સંગતિ,શિક્ષકનો સહવાસ વધારે શીતળતા આપે છે.

શિક્ષક તો જીવનરૂપી નાવનો ખલાસી છે,નાવમાં ખલાસી ન હોય તે નાવ ગમે તે દિશામાં ગતિ કરીને અંતે હાલક ડોલક થઈને ડૂબી જાય છે.

શિક્ષક નૌકા જેવો હોવો જોઈએ જે પોતે તરે અને બીજાને પણ તારે અને લક્ષ્ય સુધી પહોંચાડે.

સાચો શિક્ષક નિર્દેશક નહીં, પ્રતિનિધિ હોય છે.

વિદ્યાર્થીઓની શિક્ષકમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય
એ જ શિક્ષકની સાચી મૂડી છે

શાળા એ ખેતર છે, શિક્ષક એનો ખેડૂત છે,
વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શકિત
એ બીજ છે, પ્રોત્સાહન એ ખાતર છે,
માર્ગદર્શન એમાં થતી ખેડ છે.

શિક્ષકે શિક્ષણથી વિદ્યાર્થીના જીવનનું સૌંદર્ય
ખિલવવાનું છે.

શિક્ષક એ સંસ્કારનું સર્જન કરે છે.

અંધકારને દોષ આપવા કરતાં એક દીપ
પ્રગટાવવોએ વધારે સારું છે.

મારા જીવન માટે હું મારા માતા-પિતાનો
આભારી છું, પરંતુ મારા ઉત્તમ જીવન
માટે તો મારા શિક્ષકનો આભારી છું.

શિક્ષક નિર્માણનો આધાર, આકાંક્ષાઓનો
સથવારો, સપનાઓનો સાથી,પથિકનો પથદર્શક છે.

સમય પણ શિખવે છે અને શિક્ષક પણ શિખવે છે,
બંનેમાં ફરક માત્ર એ છે કે શિક્ષક શિખવાડીને
પરીક્ષા લે છે અને સમય પરીક્ષા લઈને શિખવે છે.

બાળકને ઉપદેશ નહીં, ઉદાહરણ આપે તે શિક્ષક.

શિક્ષકો કોઈપણ રાષ્ટ્ર માટે કરોડરજ્જુ સમાન છે.

વિશ્વમાં બીજો કોઇ એવો વ્યવસાય નથી જે
સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્ત્વનો હોય.

કેળવણી એ સરકારનું ખાતું નથી
પણ સરકારએ કેળવણીની એક શાખા છે.

શિક્ષકનું અગત્યનું મિશન છે બાળ
અને યુવા ચિત્તને પ્રજ્જવલિત કરવાનું.

જે શીખવવાની હિંમત કરે છે તેણે ક્યારેય શીખતા
અટકવું ન જોઈએ.

શિક્ષકે જીવ નથી આપવાનો, જીવ રેડવાનો છે.

શ્રીમંતો સાધનોથી બોલે છે,
સાધુઓ સાધનાથી બોલે છે
જયારે શિક્ષકો તો હૃદયથી બોલે છે.

શિક્ષક પાસે માત્ર દૃષ્ટિ જ નહીં,
દીર્ઘ દૃષ્ટિ હોવી જોઈએ.

સંનિષ્ઠ શિક્ષક એટલે માતા + શિક્ષક.

ગુરૂનો હાથ એ શિષ્યનો સાથ છે.

ગુરૂનો કંઠ શિષ્યનું વૈકુંઠ છે.

ગુરૂનું મુખ એ શિષ્યનું સુખ છે.

શિક્ષક તો છે જ્યોતિર્ધર

શિક્ષક પ્રેરણાનો સ્ત્રોત છે.

કલ્પનાનો વિષય વાસ્તવિકતામાં બદલે તે શિક્ષક

શિક્ષકે પોતાના આચરણ, વ્યવહાર અને
વિચારને ખૂબ સંભાળપૂર્વક પ્રગટ કરવા જોઈએ.

❋

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.

❋

શિક્ષકનો દેહ ભલે પુરૂષનો હોય
પણ હૃદય તો માનું જ હોવું જોઈએ.

❋

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કાકો લાગુ પાય,
બલિહારી ગુરૂ દેવકી જિને ગોવિંદ દિયો બતાય.

❋

શિક્ષક સરસ્વતીના ખોળાનો બાળક છે.

હું સાંદિપની બનું, જેથી મારી ગોદમાં કૃષ્ણ અને સુદામા ઘડાય, હું દ્રોણ બનું અને અર્જુનનું ઘડતર થાય, હું વશિષ્ઠ અને વાલ્મિકી બનું જેથી રામ અને લક્ષ્મણ ઘડાય.

શિક્ષકે શીખવું એ તેની માનસિકતા અને જાણવું એ તેનો સ્વભાવ હોવો જોઈએ.

શાળામાં ભણતર, ઘડતર અને ગણતરનો ત્રિવેણી સંગમ કરે તે શિક્ષક.

જો હું તમે શીખવો તે રીતે નથી શીખતો,
તો હું શીખું તે રીતે તમે શીખવો.

શિક્ષક પુસ્તકમાંથી નહીં પણ હૃદયમાંથી શીખવે છે. કેળવણીના ક્ષેત્રમાં શિક્ષક પોતાની વાણીથી શીખવે તેના કરતા પોતાના જીવનથી શીખવે તેની ઘણી મોટી કિંમત છે.

શિક્ષક પોતે શીખતો ન રહે તો
એ કદી શીખવી ન શકે.

ભણ્યા જ નહી માત્ર, કિંતુ ભણાવ્યો તમે,
તમે જ ગુરૂ, શિષ્ય હું શિર સદૈવ એથી નમે.

શિક્ષક જ્ઞાનનો વેપાર નથી કરતો પણ
જ્ઞાનની પુજા કરે છે.

શિક્ષકે પોતાની જ્ઞાનની સીમાઓ વધારતા રહેવા
માટે સતત અધ્યયનશીલ બની રહેવું જોઈએ.

શિક્ષક તો પરિવર્તનનો વાહક છે.

# શિક્ષક પ્રતિજ્ઞાપત્ર

શાળા મારું મંદિર છે.

બધાં બાળકો મારા ભગવાન છે.

હું મારી શાળાને ચાહું છું અને તેનાં

ભૌતિક અને શૈક્ષણિક વિકાસનો મને ગર્વ છે.

હું શાળા મંદિરનો પૂજારી બનવા પ્રયત્ન કરીશ.

હું મારા આચાર્યશ્રી,સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓ પ્રત્યે

આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારી શાળા અને બાળદેવોને મારી નિષ્ઠા અર્પું છું

તેમનાં કલ્યાણ અને સર્વાંગી વિકાસમાં જ મારું સુખ રહ્યુ છે.